અબોલ જીવોનું સ્વજન

ૐ હ્રીં અર્હં શ્રી કુંથુનાથાય નમઃ

મહાજનો યેન ગતઃ સ પન્થા

# સમસ્ત મહાજન

## જીવદયાની અપીલ

## જીવદયાપ્રેમીઓ!

# દાનની સરવાણી વહાવો



## ગોચર, તળાવો અને દેશી વૃક્ષો અબોલ જીવોની જીવાદોરી છે


## સમસ્ત મહાજન

૩૦૭, રાજશીલા એપાર્ટમેન્ટ,૫૯૭, જે.એસ.એસ. રોડ, ચીરા બજાર, મુંબઇ-૪૦૦ ૦૦૨.

ફોન :(૦૨૨) ૨૨૦૬ ૦૩૯૦; ફેક્સઃ (૦૨૨) ૨૩૮૧ ૩૩૨૪

# આત્મીય ભાવની અપીલ





પરમ પૂજ્ય ગુરુભગવંતો, આદરણીય જીવદયાપ્રેમીઓ અને શ્રી સંઘોના દાનવીર મોભીઓ,

પ્રણામ ! કુશળ હશો.

અતિ પ્રાચીન બૃહદ્ શાંતિ સ્તોત્રમાં ''મહાજનો યેન ગતઃ સ પન્થા ''ની યથોચિત પંક્તિમૂકવા દ્વારા શાસ્ત્રજ્ઞ ગુરુભગવંતોએ દેશને યોગ્ય વ્યવસ્થામાં લઈ જવામાં મહાજન પરંપરાનું કેટલું મહત્ત્વ છે તેની ઉદ્‌ઘોષણા કરી છે.

ભારતવર્ષમાં મોગલ રાજ્યમાં ગૌવંશની હત્યા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ હતો. આજથી આશરે ૨૫૦ વર્ષ પહેલાં ભારતની અંગ્રેજ હકુમતના સૈનિકોના ભોજનમાં માંસાહારના વધતા પ્રમાણથી પશુઓની બેફામ કત્લેઆમ શરૂ થઈ. તેનાથી ચિંતિત થઈને 'મહાજને' ભેગા થઈને અબોલ જીવોને બચાવવા માટે ''પાંગળાપોળ'' સંસ્થાની સ્થાપના કરી. જે આગળ જતા પાંજરાપોળ અને હવે જીવરક્ષાકેન્દ્ર તરીકે ઓળખાઈ રહ્યા છે. ૧૫૦-૨૦૦ વર્ષથી ચાલતી આ પરંપરા કાળની થપાટો વચ્ચે ગામેગામ ચાલી રહી છે.

આજે ચાલી રહેલી પાંજરાપોળ સંસ્થામાં સમયની માંગ મુજબ તેમાં તાત્કાલિક સુધારા કરવા જરૂરી બની રહ્યા છે. મહાજને સ્થાપેલી આ પવિત્ર પરંપરાને તે વખતના રાજવીઓએ વિશાળ જમીનો ભેટ આપીને વ્યવસ્થાને પુષ્ટ કરી ઉત્કૃષ્ટ પુણ્ય ભેગું કર્યું, મહાજનોએ આ વિશાળ જમીનો ઉપર ગૌચરો વિકસાવી અબોલ જીવોના ચારાની વ્યવસ્થા કરી. આવી હજારો એકર જમીન વર્ષો સુધી ચારા માટે પાંજરાપોળના પશુઓને તથા વધે તો ગામના પશુઓને પણ કામ આવતી ગઈ. યોગ્ય માવજતને અભાવે આ જમીનોમાં ગાંડા બાવળ ઉગતા જમીનો બંજર થવા માંડી. ગામડામાંથી શહેરો તરફની દોટને કારણે અને વહીવટદારોની ઉદાસીનતાએ આ જમીનો ઉપર ઊગતું ઘાસ નહીંવત થઈ ગયું, આ કારણે મોટા ભાગની પાંજરાપોળો કફોડી હાલતમાં મૂકાઇ ગઇ છે.

'સમસ્ત મહાજન' સંસ્થાનું મિશન તમામ પાંજરાપોળોને પગભર બનાવીને તેમાં વધુને વધુ પશુઓને આશરો આપી શકાય તેવી વ્યવસ્થાનું નિર્માણ કરવાનું છે.જીવદયાપ્રેમીઓ ઉદારતાથી આ કામ હાથમાં લે તો માત્ર ત્રણ વર્ષના ગાળામાં તમામ પાંજરાપોળના ગૌચરને નવપલ્લવિત કરી શકીએ જેથી ઘાસની સમસ્યામાં ખાસ્સો ઘટાડો થાય. જમીનોની અછત, વધતું શહેરીકરણ, ઈન્ડસ્ટ્રીયલાઈઝેશન, અટપટા સરકારી કાયદાઓ આ બધાથી પણ પાંજરાપોળોની જમીન બચાવવી જરૂરી છે. આ જમીન અબોલ જીવોની માલિકીની છે અને તે તેમના માટે જ રહેવા દઈએ એ સમાજના પણ હિતમાં છે. 'સમસ્ત મહાજન' સંસ્થા આ દિશામાં સતત પુરુષાર્થ કરી રહી છે.

આ વર્ષે કુદરતની મહેર છે. વર્ષા રાણીએ કૃપા કરી છે તેવા ટાણે જીવદયાનું ફંડ આયોજનપૂર્વક ઉપયોગમાં લઈએ. લાંબા ગાળાની નીતિ અજમાવી પાંજરાપોળોને પ્રાણવાન બનાવીએ. સકળ શ્રી સંઘ તથા જીવદયાપ્રેમીઓને ઉદાર હાથે દાન મોકલવા 'સમસ્ત મહાજન' અપીલ કરે છે. પૂજ્ય ગુરુ ભગવંતોને આ માટે પ્રેરણા કરવા વિનમ્ર વિનંતી કરે છે.

આપનો ચેક અથવા ડ્રાફ્ટ 'સમસ્ત મહાજન'ના નામે મોકલવા નમ્ર નિવેદન છે.

**લિખિતંગઃ**
**ટ્રસ્ટીમંડળ સહિત વાર્ષિક સંચાલક સહયોગી કાર્યકરોના પ્રણામ.**


## સમસ્ત મહાજન ટ્રસ્ટીમંડળ

(૧) શ્રી દીપચંદ સવરાજ ગાર્ડી
(૨) શ્રી પ્રાણલાલ કાનજીભાઈ દોશી
(૩) શ્રી ગિરીશભાઈ જયંતિલાલ શેઠ
(૪) શ્રી શ્રેયાંસભાઈ શાંતિલાલ શાહ
(૫) શ્રી દેવેન્દ્ર પારસમલ જૈન
(૬) શ્રી અશોકભાઈ દેવસીલાલ શેઠ
(૬) શ્રી હસમુખલાલ મફતલાલ વેદલીયા
(૮) શ્રી મનુભાઈ શાંતિલાલ શાહ

# પરિણામલક્ષી આયોજન



## ગોચરવિકાસ

પાંજરાપોળની માલિકીની આવી ૭૨ હજાર એકર જમીન છે. તેની માવજત કરી તેમાં ફરીથી ઘાસ ઊગતું થાય તે માટે એકર દીઠ અંદાજિત ખર્ચ રૂ. ૧૦,૦૦૦ ગણીએ તો રૂ. ૭૨ કરોડની આવશ્યકતા છે. 'સમસ્ત મહાજને' અત્યાર સુધીમાં આવી ૮હજાર એકરથી વધુ જમીન નવપલ્લવિત કરી છે; જેમાં આપ સર્વે જીવદયાપ્રેમીઓના સહકારથી આશરે ૧૨ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે.

## વૃક્ષારોપણ



પાંજરાપોળોની જમીનમાં એકર દીઠ ૧૨ વૃક્ષો-વડ, લીમડો, આંબો, આમલી, પીપળો, હરડે, બહેડા, આમળા, સમી, બિલિપત્ર, જાંબુ, ઉમરો આ ૧૨ પ્રકારના વૃક્ષોનું વૃક્ષારોપણ અત્યંત જરૂરી છે. ૭૨ હજાર એકર જમીન ઉપર એકરદીઠ ૧૨ના હિસાબે ૮લાખથી વધુ વૃક્ષો થાય. એક વૃક્ષને ઉગાડવું, પાંચ વર્ષ તેની માવજત કરવી આદિ ખર્ચ રૂ.૧૦૦૦/- લેખે ગણીએ તો ૮૦ કરોડ રૂપિયા થાય. ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા જ્યારે વિશ્વને ધમરોળી રહી છે ત્યારે આ વૃક્ષોથી પાંજરાપોળને પશુને છાંયો, પક્ષીને ચણ તથા જમીનને ભેજ મળશે. આ પણ જીવદયાનું મોટું કાર્ય છે. અત્યાર સુધીમાં સમસ્ત મહાજને ૨૦ હજારથી વધારે વૃક્ષોનું વૃક્ષારોપણ સફળતાપૂર્વક પાર પાડ્યું છે. તેથી ભારત સરકારે 'ઈન્દિરા પ્રિયદર્શિની વૃક્ષમિત્ર એવૉર્ડ' દ્વારા સમસ્ત મહાજનને નવાજ્યું છે. આજે કોંક્રીટકરણને કારણે પક્ષીઓ બેઘર બન્યા છે ત્યારે એક વૃક્ષ ૫૦ પક્ષીને આશરો આપશે તે હિસાબે ૪ કરોડથી વધારે વિવિધ જાતના પક્ષીઓને લાભ થશે.



## વર્ષાજળ સંગ્રહ

દરેક પાંજરાપોળમાં આવરાની વ્યવસ્થા પ્રમાણે વર્ષાજળ માટેની વ્યવસ્થા તળાવ દ્વારા કરવાની જરૂર છે. એક તળાવના નિર્માણનો ખર્ચ રૂ.૫થી ૧૦ લાખ થાય. દરેક પાંજરાપોળમાં ઓછામાં ઓછું એક તળાવ તો હોવું જ જોઈએ, જેથી પશુઓને બારેય મહિના વરસાદનું મીઠું પાણી પીવા મળે. ૨૪૨ પાંજરાપોળમાં એક તળાવના હિસાબે ૨૪ કરોડની આવશ્યકતા છે.



## પશુ આવાસ

વરસોના વહાણા વીત્યા-વડવાઓએ બનાવેલા પશુઆવાસ પણ જર્જરિત થઈ ગયા છે. આ પશુશેડ નવા બનાવવાની અતિશય આવશ્યકતા ઘણી પાંજરાપોળોમાં જણાઈ રહી છે. ચોમાસા દરમિયાન જર્જરિત પશુઆવાસમાં થતી ગંદકી-કીચડથી પશુ સ્વાસ્થ્યને ઘણી હાનિ પહોંચે છે માટે જે જે સંસ્થાઓમાં જરૂરી છે ત્યાં નવા વૈજ્ઞાનિક ઢબે હવા ઉજાસ અને પુરતી ગમાણ સાથેના શેડની ખૂબ જ તાતી જરૂર છે.૪૦૦ પશુ રહી શકે તેવો શેડ જેમાં ગમાણ, હવાડા, ગોવાળનિવાસ પણ આવી જાય તેનો ખર્ચ રૂ. ૨૫ લાખ થાય છે.



## ઘાસ ગોડાઉન

વિપરીત સંજોગોમાં ઘણીવાર પાંજરાપોળમાં ઘાસ સમયસર ઉપલબ્ધ ન થાય ત્યારે પશુઓને ભૂખમરો ન થાય માટે ૧૦૦બાય ૫૦ ફૂટનું એક ઘાસ ગોડાઉન બનાવવું ખૂબ જરૂરી છે. આશરે ૧૫ લાખના ખર્ચે આવું ઘાસનું ગોડાઉન બને છે.

પાંજરાપોળમાં જરૂરી અન્ય નાની-મોટી વ્યવસ્થાઓમાં ગોવાળનિવાસ, ચબૂતરો, પાણીની ટાંકી, કમ્પાઉન્ડ વૉલ, માંદા પશુઓના આવાસ આવી ઘણી વ્યવસ્થાઓની અલગ અલગ આવશ્યકતાઓ હોય છે.



ૐ હ્રીં અર્હં શ્રી કુંથુનાથાય નમઃ

મહાજનો યેન ગતઃ સ પન્થા।

અબોલ જીવોનું સ્વજન

# સમસ્ત મહાજન




**મુંબઈ** ૩૦૭, રાજશીલા બિલ્ડીંગ, ૫૯૭, જે.એસ. એસ. રોડ, ચીરાબજાર, મુંબઈ-૨. ટેલી : ૨૨૦૬ ૦૩૯૦ મો : ૯૮૨૦૦ ૨૦૯૭૬

**અમદાવાદ** ૪, સાનિધ્ય કોમ્પલેક્સ, સંન્યાસ આશ્રમ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ મો : ૯૮૨૫૦ ૭૨૯૩૯
વેબસાઈટ : www.samastmahajan.org ઈ-મેઈલ : info@samastmahajan.org


**Trust Regd. No. E/15474 (Ahmedabad)**

## આપને સહર્ષ નિમંત્રણ આપે છે

## વાર્ષીક સંચાલન સહયોગ યોજના (F.Y. 2010-11)

**સમસ્ત મહાજનની તમામ પ્રવૃત્તિઓમાં તન–મન–ધનથી**
**સક્રિય લાભ લઈને જીવદયાના કાર્યમાં સહભાગી બનો**

## સમસ્ત મહાજન પરિવારના સક્રિય સભ્ય બનો
## વિવિધ પ્રકારના દાનની વિગત

**સમસ્ત મહાજનના સહયોગી બનો – જીવદયાના પુણ્યશાળી પ્રહરી બનો**

| | | |
|---|---|---|
| **જીવદયારત્ન** | એક કરોડ રૂપિયા આપી<br>એક પાંજરાપોળને દત્તક લેવાનો લાભ લ્યો. | **૧,૦૦,૦૦,૦૦૦** |
| **મુખ્ય આધાર સ્થંભ** | આ માટે ૨૫,૨૫,૦૦૦ રૂપિયાનું દાન આપવાનું રહેશે.<br>પ્રવેશદ્વાર ઉપર દાતાનું નામ આવશે.<br>આ દાતા ચીફ પેટ્રન ગણાશે. તેમને ડાયમંડ આઈ–ડી કાર્ડ આપવામાં આવશે. | **૨૫,૨૫,૦૦૦** |
| **વિશેષ આધાર સ્થંભ** | આ માટે ૧૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન આપવાનું રહેશે.<br>રૂા. ૧૦ લાખનું કાર્ય થશે.<br>દાતાનું નામ ૨X૩ની તકતીમાં સુવર્ણાક્ષરે આવશે.<br>આ દાતા મીલીયન ડોનર ગણાશે તેમને એમરલ્ડ આઈ–ડી કાર્ડ આપવામાં આવશે. | **૧૧,૧૧,૧૧૧** |
| **માનદ્ આધાર સ્થંભ** | આ માટે ૫,૫૫,૫૫૫ રૂપિયાનું દાન આપવાનું રહેશે.<br>રૂા. ૫ લાખ કાર્યોમાં વાપરવામાં આવશે.<br>દાતાની તકતી ૧X૧માં લાગશે. આ દાતા ગોલ્ડન ડોનર ગણાશે.<br>તેમને ગોલ્ડન આઈ–ડી કાર્ડ આપવામાં આવશે. | **૫,૫૫,૫૫૫** |
| **શુભેચ્છક આધારસ્થંભ** | આ માટે ૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન આપવાનું રહેશે.<br>આધારસ્થંભ ઉપર એક લીટીમાં સુવર્ણાક્ષરે નામ આવશે.<br>તેમને સીલ્વર આઈ–ડી કાર્ડ આપવામાં આવશે. | **૧,૧૧,૧૧૧** |
| **દીકરા દીકરી દત્તક યોજના** | એક વરસ માટે દત્તક લેવાના<br>રૂા. ૨૫,૦૦૦ /– | **૨૫,૦૦૦** |
| **જીવદયાનુરાગી** | ૯ હજાર રૂપિયા આપી<br>એક પશુના વાર્ષીક નિભાવના આયોજનમાં<br>સહાયક બનો. | **૯,૦૦૦** |

ખાસ નોંધ : આ દાનની ૧૦ ટકા રકમ વહીવટી ખર્ચ માટે રાખીને બાકીની રકમનો દાતાની ઈચ્છા મુજબ જીવદયાનાં / શિક્ષણના કાર્યોમાં ઉપયોગ કરવામાં આવશે.

ખુલાસો : શ્રી સંઘમાંથી આવતી જીવદયાની રકમમાંથી વહીવટી ખર્ચમાં રકમ લેવામાં નહીં આવે.
રૂા. ૧ લાખથી ઓછી રકમના દાનમાંથી વહીવટી ખર્ચ લેવામાં આવશે નહી.

**આ સીવાય ૧ રૂા. થી લઈને કોઈપણ રકમનું દાન સ્વીકાર્ય છે.**

**અભયદાન શ્રેષ્ઠ દાન છે.**

**અબોલ જીવો કરે પોકાર, તમે બનો અમારા તારણહાર**